# SARDAR PATEL UNIVERSITY

**VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA**

**NAAC Accreditation CGPA 3.25 Grade - 'A' (23-1-2017 to 22-1-2022)**

Website : www.spuvvn.edu Fax: (02692) 226807, 226805


નંબર : ડી/બી/ ૨૯૫૮ ACADEMIC SECTION

તારીખ: ~~૧૫~~/૦૭/૨૦૨૨
૨૧

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન વિદ્યાશાખાઓની કોલેજના આચાર્યશ્રીઓ,

વડાશ્રી, તમામ અનુસ્નાતક વિભાગો, સરદાર પટેલ યુનિવર્સિટી,

વલ્લભ વિદ્યાનગર.

**વિષય :** યુનિવર્સિટીના તમામ વિભાગો અને યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ, આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ, મેનેજમેન્ટ વિદ્યાશાખાઓની કોલેજમાં સ્નાતક-અનુસ્નાતક કક્ષામાં IPDC વિષયના અમલીકરણ અંગે.

સુજ્ઞશ્રી/સુશ્રી,

સવિનય જણાવવાનું કે, બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ (બી.એ.પી.એસ.) અને સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર વચ્ચે થયેલ MOU ના સંદર્ભે સરદાર પટેલ યુનિવર્સિટીમાં ચાલતા સ્નાતક અભ્યાસક્રમોમાં Integrated Personality Development Course (IPDC) નો વિવિધ વિદ્યાશાખાઓમાં સમાવેશ કરવા જરૂરી ભલામણ કરવા માટે માનનીય કુલપતિશ્રીએ નિમેલ ટાસ્ક ફોર્સની તારીખ : ૧૨/૭/૨૦૨૨ અને તારીખઃ ૧૩/૭/૨૦૨૨ ના રોજ મળેલ સભાઓએ નીચે મુજબ ભલામણ કરેલ છે.

**સ્નાતક અભ્યાસક્રમોમાં** Integrated Personality Development Course (IPDC) ને **ઈલેક્ટીવ કોર્સ** તરીકે કુલ બે સેમેસ્ટરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ થી અમલ કરવો. જેમાં **IPDC-1** ત્રીજા સેમેસ્ટરમાં અને **IPDC-2** ચોથા સેમેસ્ટરમાં રહેશે. વિદ્યાશાખા પ્રમાણે બંને સેમેસ્ટરની ક્રેડીટ રહેશે જેમાં સાયન્સ અને આર્ટ્સ શાખામાં ત્રીજા સેમેસ્ટરમાં IPDC-1 (2 Credit) અને ચોથા સેમેસ્ટરમાં IPDC-2 (2 Credit) આ રીતે કુલ ૪ ક્રેડીટ રહેશે. અને કોમર્સ અને મેનેજમેન્ટમાં ત્રીજા સેમેસ્ટરમાં IPDC-1 (3 Credit) અને ચોથા સેમેસ્ટરમાં IPDC-2 (3 Credit) એમ કુલ ૬ ક્રેડીટ માટેનો ઈલેક્ટીવ રહેશે.

જ્યારે **અનુસ્નાતક વિભાગોમાં એડઓન કોર્સ** તરીકે આ કોર્સ બે સેમેસ્ટરમાં એટલે કે એક સેમેસ્ટરમાં IPDC-1 (2 Credit) અને બીજા સેમેસ્ટરમાં IPDC-2 (2 Credit) તરીકે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી અમલ કરવો.

વધુમાં ઉપરોક્ત બાબતનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩થી કરવાનો હોવાથી વિવિધ સત્તામંડળોની મંજૂરીની અપેક્ષાએ માનનીય કુલપતિશ્રીએ મંજૂરી આપેલ છે.

તો, ઉપરોક્ત બાબતે ઘટતી કાર્યવાહી કરવા સંબંધકર્તા અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને જાણ કરવા વિનંતી છે.

*(નોંધ : ઉપરોક્ત કોર્સનો સિલેબસ યુનિવર્સિટી વેબસાઈટ : www.spuvvn.edu/ students_corner/syllabi પરથી ડાઉનલોડ કરવા વિનંતી.)*

આપનો વિશ્વાસુ

નાયબ કુલસચિવ